

સત્યમેવ જયતે

# જી.એસ.ટી. ને આવકારીએ.....

## જી.એસ.ટી. તારીખ ૧ જુલાઈ, ૨૦૧૭ થી અમલી થનાર છે



**માનનીય શ્રી નરેન્દ્ર મોદી**
વડાપ્રધાન, ભારત સરકાર

**માનનીય શ્રી વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## GST કાયદામાં રજિસ્ટ્રેશન, ટેક્ષ, ક્રેડિટ, ટેક્ષ ઈન્વોઈસ (બીલ) તથા પત્રકો સંબંધિત પ્રશ્નો અને તેનુ સરળ માર્ગદર્શન




### રજિસ્ટ્રેશન

**૧. GST કાયદા હેઠળ કોણે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે ?**
- GST કાયદા હેઠળ ૨૦ લાખથી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાએ તેમજ આ સિવાય અમુક ખાસ કિસ્સામાં જેવા કે, આંતરરાજ્ય માલ/સેવા સપ્લાય કરતા વ્યક્તિએ અને પ્રાસંગિક (કેઝ્યુઅલ) માલ કે સેવા પુરી પાડતા કરદાતા વગેરેએ ટર્નઓવરની મર્યાદા સિવાય GST કાયદા હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાનું થાય છે.

**૨. માલ કે સેવાનું ૨૦ લાખથી વધુ ટર્નઓવર થયા બાદ GST નંબર કેટલા સમયમાં મેળવવાનો થાય છે ?**
- માલ કે સેવાનું ૨૦ લાખથી વધુ ટર્નઓવર થયા બાદ ૩૦ દિવસ સુધીમાં ઓનલાઈન અરજી કરવાથી GST નંબર ૩ દિવસમાં મળી શકે છે.

**૩. પ્રાસંગિક (કેઝ્યુઅલ) કરદાતા એટલે શું ? આવા કરદાતાએ GST નંબર મેળવવાની શું જોગવાઈ છે ?**
- પ્રાસંગિક (કેઝ્યુઅલ) કરદાતા એટલે કોઈ ચોક્કસ સમયગાળા દરમ્યાન માલ/સેવા પુરી પાડતા કરદાતા. દા.ત. દિવાળીના તહેવારમાં સ્ટોલ ઉભા કરી થતો દારૂખાનાનો સપ્લાય, પ્રદર્શન દરમ્યાન વેરાપાત્ર ચીજવસ્તુનો સપ્લાય કરનારે અરજી કરીને GST નંબર મેળવવાનો છે.

**૪. GST નંબર મેળવવા કોનો સંપર્ક કરવાનો છે ?**
- GST નંબર મેળવવા માટે ઘેરબેઠા GSTN.Gov.in પરથી ઓનલાઈન ફોર્મ ભરીને નંબર મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે.

**૫. GST નંબર મેળવવા માટે કોઈ એડવાન્સ ટેક્ષ કે ડીપોઝીટ આપવાની થાય છે ?**
- GST નંબર મેળવવા માટે કોઈ એડવાન્સ ટેક્ષ કે ડીપોઝીટ આપવાની થતી નથી અગાઉના કાયદામાં રૂા. ૨૫,૦૦૦ એડવાન્સ ટેક્ષ અને રૂા. ૨૦,૦૦૦ ડિપોઝીટ તરીકે ભરવાની જોગવાઈ હતી જે નવા કાયદામાં રદ્દ કરેલ છે.

**૬. SGST, CGST કે IGST માટે અલગ-અલગ GST નંબર લેવા પડશે ?**
- ના, તમામ કાયદા હેઠળ એક જ GST નંબર લેવાનો છે.

**૭. વેટ, એક્સાઈઝ, સર્વિસટેક્ષ અને મનોરંજનકર તથા સુખ-સુવિધા કર કાયદા હેઠળ હાલે નોંધાયેલ વેપારીઓ માટે GST નંબર મેળવવાની શું જોગવાઈ છે ?**
- આ તમામ નોંધાયેલ વેપારીઓ આપોઆપ GST માં માઈગ્રેટ થાય તેવી જોગવાઈ કરી છે જે સુવિધા ફરીથી તા. ૨૫.૦૬.૨૦૧૭ થી ઉપલબ્ધ છે.




### ટેક્ષક્રેડીટ

**૮. GST કાયદા હેઠળ માલ કે સેવા ખરીદી તબક્કે ચુકવેલ GST ટેક્ષની ક્રેડીટ મળી શકશે ?**
- હા, માલ કે સેવા ખરીદી તબક્કે ચુકવેલ GST ટેક્ષની ક્રેડીટ માલ કે સેવા સપ્લાયના ભરવાના થતા GST સામે મજરે લઈ શકાશે.

**૯. GST અમલમાં આવે તે પહેલાના વેટકાયદા હેઠળના છેલ્લા રિટર્નમાં આગળ ખેંચેલ વેરાની ક્રેડીટ GST કાયદામાં મળવા પાત્ર થશે ?**
- હા, નોંધાયેલ માલ કે સેવા સપ્લાય કરતાં કરદાતાને આવી આગળ ખેંચેલ વેરાની ક્રેડીટ GST કાયદામાં મળવાપાત્ર છે.

**૧૦. હાલના કાયદામાં નોંધાયેલ કરદાતા વેરામુક્ત માલનું ઉત્પાદન કરતા હોય અને આવો વેરામુક્ત માલ GST માં વેરાપાત્ર થાય તો તેના માલ સ્ટોકની ક્રેડીટ મળશે ?**
- હા, આવા માફી માલમાં વાપરેલ ઈનપુટ પર ભરેલ વેટ કે એન્ટ્રી ટેક્ષની રકમ ક્રેડીટ મેળવી શકશે.

**૧૧. GST અમલમાં આવ્યા પહેલા કોઈ માલ જોબવર્ક માટે મોકલેલ હોય અને તે માલ GST અમલમાં આવ્યા પછીથી જોબવર્ક પુર્ણ થયેથી પરત આવે તો તેના પર કોઈ વેરો ભરવાનો થાય ?**
- ના, જો આવો જોબવર્કમાં આપેલ માલ GST અમલમાં આવ્યાના ૬ માસમાં પરત આવે તો તેનો કોઈ વેરો ભરવાનો થાય નહીં.

**૧૨. જો કોઈ કરદાતા હાલના કાયદાનું પત્રક GST અમલી થયા બાદ રિવાઈઝ કરે અને તે અન્વયે તેઓને કોઈ રીફંડ મળવાનું થાય તો તે કયા કાયદા હેઠળ મળવાપાત્ર થશે ?**
- આવું, રીફંડ હાલના પ્રવર્તમાન કાયદા મુજબ મળશે.

**૧૩. જો કોઈ માલ/સેવા પુરી પાડવાનો કરાર જુના કાયદાના સમયમાં થયો હોય અને માલ કે સેવા GST અમલમાં આવ્યા બાદ પુરી પાડવામાં આવે તો કયો વેરો ભરવો પડે ?**
- આ માલ/સેવા સપ્લાય અંગેનો વેરો GST કાયદા હેઠળ લાગુ પડતા દરે ભરવાનો થાય.

**૧૪. GST માં નવા નોંધાયેલ કરદાતાએ અગાઉના કાયદા હેઠળ માલ ખરીદી કરેલ હોય પરંતુ માલની ડિલીવરી GST અમલમાં આવ્યા બાદ થાય તો ભરેલા વેરાની ક્રેડીટ મેળવી શકશે ?**
- હા, GST અમલમાં આવ્યા બાદ ૩૦ દિવસમાં ખરીદનારે વેરો ભરાયાના અધિકૃત ઈન્વોઈસ કે અન્ય દસ્તાવેજ પોતાના હિસાબોમાં નોંધાયેલ હોય તો ભરેલા વેરાની ક્રેડીટ GST કાયદામાં મળી શકશે.




### ઈન્વોઈસ (બીલ)

**૧૫. GST કાયદામાં બીલ અથવા ભરતીયા અંગેની જોગવાઈ કેવા પ્રકારની છે ?**
- GST કાયદામાં બીલ અથવા ભરતીયું બનાવવા સંબંધિત જોગવાઈ ખૂબ જ સરળ છે. વેરા ભરતીયાં બાબતની જૂના કાયદાની જોગવાઈઓમાં કોઈ ખાસ ફેરફાર કરેલ નથી.

**૧૬. બીલમાં કઈ-કઈ બાબતો દર્શાવવાની છે ?**
- (એ) માલ કે સેવા સપ્લાય કરનારનું નામ, સરનામું, GSTIN, (બી) બીલનો સીરીયલ નંબર/ તારીખ, (સી) માલ/સેવાનું નામ, જથ્થો, ભાવ, કિંમત, (ડી) માલ કે સેવાની મૂળ કિંમત પર વસૂલ કરેલ GST (CGST/SGST/IGST), (ઈ) માલ કે સેવા મેળવનારનું નામ/સરનામું/ GSTINનંબર (એફ) માલ કે સેવા મેળવનાર બિનનોંધાયેલ હોય અને માલ કે સેવાની કિંમત પચાસ હજારથી વધુ હોય તો માલ મેળવનારનું નામ/સરનામું લખવું આવશ્યક છે.

**૧૭. બીલમાં માલ માટે તેના HSN CODE અને સર્વિસ માટે SERVICE CODE દર્શાવવા ફરજિયાત છે ?**
- હા, પરંતુ નાના કરદાતા જેનું ટર્નઓવર ૧.૫ કરોડથી ઓછું હોય તેમના માટે ફરજિયાત નથી.

**૧૮. માલ કે સેવા સપ્લાય થયાના કેટલા સમયમાં બીલ બનાવવું જરૂરી છે ?**
- માલના સપ્લાયના કિસ્સામાં તુરંત જ અને સેવાની સપ્લાયના કિસ્સામાં ૩૦ દિવસની સમયમર્યાદામાં.

**૧૯. નાના કરદાતા માટે બીલ બનાવવામાં સરકારશ્રીએ કોઈ છૂટછાટ આપેલી છે ?**
- હા, નાના કરદાતા કે છૂટક વેપારી જે બિનનોંધાયેલ ગ્રાહકો સાથે ૨૦૦ રૂપિયા સુધી લેણદેણ કરે છે તેમના માટે જુદા-જુદા બીલ ઈસ્યુ કરવા આવશ્યક નથી.



### પત્રકો

**૨૦. GST કાયદા હેઠળ પત્રકો કેટલા પ્રકારના રહેશે ?**
- GST કાયદા હેઠળ પત્રકો ત્રણ પ્રકારના રહેશે, માસિક, ત્રિમાસિક અને વાર્ષિક.

**૨૧. GST કાયદા હેઠળ માસિક પત્રકો ભરવાની સમય મર્યાદા જણાવો ?**
- પત્રકો કુલ ત્રણ અલગ-અલગ મુદ્દતે રજુ કરવાના રહેશે
  - ટેક્ષ પીરીયડ પૂરો થયેથી ૧૦ તારીખ સુધી માલ / સેવા (આઉટવર્ડ) સપ્લાયની વિગતોનું સ્ટેટમેન્ટ GSTR-1 માં ભરવાની થશે.
  - ટેક્ષ પીરીયડ પૂરો થયેના ૧૦ દિવસ પછી ૧૫ તારીખ સુધી ઈનવર્ડ સપ્લાયની વિગતો સ્ટેટમેન્ટ GSTR-2 માં આપોઆપ થશે.
  - ટેક્ષ પીરીયડ પૂરો થયેથી ૨૦ તારીખ સુધી વેરાની ગણતરી/જવાબદારીની વિગતો પત્રક GSTR-3 માં આપોઆપ થશે.

**૨૨. નાના કરદાતા માટે પત્રકો ભરવા માટે કોઈ ખાસ રાહત આપેલ છે ?**
- હા, ઉચ્ચકવેરાનો વિકલ્પ ધરાવતા નાના કરદાતા માટે ત્રિમાસિક પત્રકો ભરવાની જોગવાઈ કરેલ છે.

"વેપાર, ઉદ્યોગ અને સેવાને વેગ આપવા તથા ગ્રાહકોને વ્યાજબી કિંમતે માલ/સેવા પ્રાપ્ત થાય તે માટે સરકાર કટિબદ્ધ છે."

**શ્રી નીતિનભાઈ પટેલ**
નાયબ મુખ્યમંત્રી

**Helpline No.: 079-26576856, 26576858, 26595000**
**Contact for Arrangement of Seminar : 079-26601171, 26614025**

Follow us on : @askGST_GoI | @askGSTech

ગુજરાત વાણિજ્યિક વેરા Gujarat Commercial Tax

**કરની ચૂકવણી, દેશનું નિર્માણ**
આયુક્તશ્રી, વાણિજ્યિક વેરા ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

GST NATION TAX MARKET